સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

જૂન માસ

# અહમશૂન્ય માસ

## Family Time સભા - 5

## કાર્યક્રમ મટીરીયલ

: વર્ષ :
૨૦૨૧-૨૨

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

# મહિમા વર્ષ

ઉપક્રમે

## અહમ્‌શૂન્ય માસ

: માસ :
જૂન

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

હું, મેં, મારું, મને અને મારે આ પાંચ શબ્દોનો રોજબરોજના જીવનમાં ઉપયોગ ન જ કરવો.

દરેક ક્રિયામાં પોતાનું કર્તાપણું ભૂલી મહારાજને કર્તા કરવા અને કર્તા સમજવા.

: વર્ષ : ૨૦૨૨

: માસ : જુલાઈ

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

# મહિમા વર્ષ

ઉપક્રમે

## દિવ્યભાવ માસ

### આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

ગુરુપૂર્ણિમા નિમિત્તે દિવ્યભાવે ગુરુપૂજનનો લાભ અચૂક લેવો અને ઓછામાં ઓછા પાંચ સભ્યોને ગુરુજીનો લાભ લેવડાવવો.

આપણા મોબાઈલમાં, આપણા પોકેટમાં શ્રીજીમહારાજની સાથે ગુરુજીની મૂર્તિ પણ અવશ્ય રાખીએ જ અને નિત્ય પ્રત્યે દિવ્યભાવે દર્શન કરીએ.

# ❖ અહમશૂન્યતા...

શ્રીજીમહારાજ ને મોટાપુરુષની સર્વોપરિતા અને આપણી અહમ્ શૂન્યતા આપણા હૈયામાં અંકિત થઇ જવી જોઈએ. આ બેનો સમન્વય થાય તો તે પ્રાર્થના બની જાય. પ્રાર્થના પદ્યની હોય કે ગદ્યની પણ આ બેનો સમન્વય થાય તે જ પ્રાર્થના. મોટપ અને અહમ્ શૂન્યતા આ બેના સમન્વયથી અહોભાવ પ્રગટે અને તેમાંથી જ પ્રાર્થના નીકળે. પ્રાર્થના જેની થાય છે તેની સર્વોપરિતા અને પ્રાર્થના જે કરે છે તેની અહમ્ શૂન્યતા આ બંનેનો સમન્વય થાય ત્યારે પ્રાર્થના થાય અને બંનેનો જીવસત્તાએ સ્વીકાર થાય ત્યારે પ્રાર્થના પહોંચે.

**થઇ ગરીબને ગરજવાન, શિષ્ય થઇ રહે સર્વેનો રે...**
**મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે...**
**એવા ઉપર શ્રી ઘનશ્યામ, સદા સર્વદા રાજી રહે છે રે;**
**સરે નિષ્કુળાનંદ કામ, એમ સર્વે સંત કહે છે રે...**

**અહમશૂન્ય માસ નિમિતે ઠાકોરજી જમાડતા પહેલા સૌ હરિભક્તોએ આ પંક્તિનું મનન કરવું.**

## ❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

**નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.**

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

# તવ દાસ તણો દાસ થાવું રે...


વિડીયો કીર્તનનું દર્શન અને શ્રવણ કરવા માટે નીચે આપેલ ઈમેજ પર ક્લિક કરવું.



આવો

## ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ

# કર્તુત્વનું ભાન ન રાખવું



ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણી

દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર
આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.




## પામીએ પ્રેરણા

# દાસત્વની મૂર્તિ - વ્હાલા ગુરુજી

ઈ.સ. ૨૦૦૩ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ગુરુકુલ શરુ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગુરુકુલના વિદ્યાર્થીઓને ભણાવવા માટે સ્વામિનારાયણ ધામના કેમ્પસમાં જ સ્વામિનારાયણ ધામ વિદ્યાલય શરુ કરવાનું હતું. આ વિદ્યાલયમાં ઉત્તમ શિક્ષકોની ભરતી કરવા માટે સંસ્થા દ્વારા જાહેર વર્તમાનપત્રોમાં જાહેરખબર છપાવેલી. તથા તેમાં ભરતી થવા ઈચ્છતા શિક્ષકોના ઇન્ટરવ્યુ માટેનો નક્કી કરેલ દિવસ તથા સ્થળ, સમય જણાવેલ હતો. જેમાં એવું પણ જણાવ્યું હતું કે, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ઉમેદવારોના ઇન્ટરવ્યુ લેશે.

આજે ઇન્ટરવ્યૂનો દિવસ હતો. ઇન્ટરવ્યૂ માટેનું સ્થળ વાસણા મંદિર રાખવામાં આવ્યું હતું. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વાસણા મંદિરે બિરાજમાન હતા. હજુ ઇન્ટરવ્યૂ શરૂ થવાની વાર હતી એટલે મંદિરથી મૂર્તિધામ હૉલ તરફ જવાનો રસ્તો છે ત્યાં આગળના ભાગમાં થોડો કચરો પડ્યો હતો. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આ કચરો જોયો એટલે પોતે જાતે જ હાથમાં સાવરણો લઈ ચોક સાફ કરવા લાગ્યા. આ દરમ્યાન એક અજાણ્યા જણાતા હરિભક્તે મંદિરના ચોકમાં પ્રવેશ લીધો. જેઓ પોતે શિક્ષક હતા અને ઇન્ટરવ્યૂ આપવા માટે આવેલા એટલે તેમણે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની નજીક આવીને પૂછ્યું કે, "પૂ.સત્યસંકલ્પસ્વામીજી ક્યાં મળશે ? મારે એમને મળવું છે." તથા થોડી ઇન્ટરવ્યૂ અંગેની વાત કરી, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ હાથમાં સાવરણો લઈને કચરો સાફ કરતાં કરતાં પેલો અજાણ્યા શિક્ષકને ઇન્ટરવ્યૂ સ્થળ બતાવી કહ્યું કે, "અત્યારે ત્યાં બેસો. થોડી વારમાં સ્વામીજી ત્યાં આવશે." અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ પેલા અજાણ્યા શિક્ષકભાઈને ઇન્ટરવ્યૂ સ્થળ પર બેસાડયા.

થોડી વારમાં મંદિરનો ચોક સાફ કરીને હાથ ધોઈ, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી શિક્ષકોના ઇન્ટરવ્યૂ લેવા માટે ઇન્ટરવ્યૂ સ્થળ પર પહોંચ્યા અને જઈને પેલા શિક્ષકની સાથે વાત કરવા લાગ્યા. ત્યારે પેલા શિક્ષકે કહ્યું, "મારે તમારું કામ નથી. વર્તમાનપત્રમાં (છાપાંમાં)જેમનું નામ લખ્યું છે, જેઓ અમારું ઇન્ટરવ્યૂ લેવાના છે એ પૂ. સત્યસંકલ્પજીનું કામ છે." ત્યારે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી બે હાથ જોડી એટલું જ બોલ્યા કે, " એ અમે જ છીએ." આટલું સાંભળતાં જ ઓલ્યા શિક્ષક અતિશે તાજુબ પામી ગયા : 'ઓહોહો... આટલું મોટું પોતાનું સ્થાન, હજારો હરિભક્તો છતાય પોતે હાથમાં સાવરણો લઈને મંદિરનો ચોક વાળી શકે ?? અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના આવા અદભૂત દાસત્વપણાને નિહાળી અન્ય કોઈ પણ વાર્તાલાપ થયા વિના પેલા શિક્ષક ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા કંઠી બાંધીને સત્સંગી થયા.

## મનનીય પ્રશ્નો

1. માન, મોટપ, સ્ટેટસ છોડી સત્સંગમાં નીચી ટેલની સેવા થઈ શકે છે ?
2. ગત સંકલ્પ સભામાં ગુરુજીની રુચિ મુજબ દેહભાવને છોલવા માટે શું પ્રયત્ન કર્યા ?
3. નીચી ટેલની સેવા કેવા મહિમાસભર થઈને કરવી જોઈએ ?
4. સત્સંગમાં કે વ્યવહારમાં પોતાનું સ્ટેટસ જળવાય તે માટે કેવા પ્રયત્નો થાય છે ?

**લેશન : અહમશૂન્ય થવા માટે શું કરીશું ? કોઈ પણ એક બાબત દ્રઢ કરવા પ્રયત્ન કરવો.**

# સત્સંગ પરીક્ષા - ૨૦૨૨


## બાળ સત્સંગ પરીક્ષા - 2022




- બાળ સત્સંગ પરીક્ષા તા. 31-07-2022ને રવિવારના રોજ બાળમંડળમાં બાળસભાના સમયમાં લેવાશે.

| પરીક્ષા તારીખ | અભ્યાસક્રમ | ગુણ | સમય |
|---|---|---|---|
| 31 જુલાઈ 2022, રવિવાર | નિત્યનિયમ પુસ્તિકા - નવમી આવૃત્તિ (પેજ નંબર : 7 થી 34) | 50 ગુણ (MCQ 25 ગુણ) | 1 કલાક |

## કિશોર-યુવા સત્સંગ પરીક્ષા - 2022




- કિશોર-યુવા સત્સંગ પરીક્ષા તા. 24-07-2022ને રવિવારના રોજ બપોરે 2 થી 4:30 દરમ્યાન પરીક્ષા સ્થળ પર લેવાશે.

| પરીક્ષા તારીખ | અભ્યાસક્રમ | ગુણ | સમય |
|---|---|---|---|
| 24 જુલાઈ 2022, રવિવાર (એકાદશી) | મુમુક્ષુતા-2 પુસ્તક ચેપ્ટર :- 2 થી 5 (પેજ નંબર : 13 થી 113) | 100 ગુણ (MCQ 50 ગુણ) | 2:30 કલાક |

**સત્સંગ પરીક્ષાની તૈયારી ચાલુ કરી દેવી.**

**માત્ર પરીક્ષા માટે નહિ પરંતુ જીવનપરિવર્તન હેતુ પુસ્તકનું વાંચન કરવું.**